| English | Gujarati |
|---|---|
| **1. Living with Covid – Wearing a mask helps to stop the spread of Covid-19** | **1. કોવિડ સાથે જીવવું - માસ્ક પહેરવાથી કોવિડ-19ના ફેલાવાને રોકવામાં મદદ મળે છે** |
| Covid-19 hasn't gone way, so please be kind to your fellow Mancunians by choosing to wear a mask in crowded spaces or when it feels right to do so. | કોવિડ-19 હજી સંપૂર્ણપણે ગયો નથી, તેથી કૃપા કરીને ભીડવાળી જગ્યાઓમાં માસ્ક પહેરવાનું પસંદ કરીને અથવા જ્યારે માસ્ક પહેરવું જરૂરી જણાય ત્યારે માસ્ક પહેરીને તમારા માન્ચેસ્ટરના સાથી રહેવાસીઓ પ્રત્યે માયાળુ બનો. |
| STAY KIND | માયાળુ બનો |
| Still wear a mask in crowded spaces or when it feels right | હજી પણ ભીડવાળી જગ્યાઓ પર જાવ ત્યારે અથવા જ્યારે માસ્ક પહેરવું જરૂરી જણાય ત્યારે માસ્ક પહેરો |

| English | Gujarati |
|---|---|
| **2. Living with Covid –Stay at home for 5 days if you have Covid-19** | **2. કોવિડ સાથે જીવવું - જો તમને કોવિડ-19 હોય તો 5 દિવસ સુધી ઘરમાં રહેવું** |
| If you have Covid-19, please be kind to your fellow Mancunians by staying at home for 5 days and avoid contact with other people. | જો તમને કોવિડ-19 છે, તો કૃપા કરીને 5 દિવસ ઘરમાં રહીને તમારા માન્ચેસ્ટરના સાથી રહેવાસીઓ પ્રત્યે માયાળુ બનો અને અન્ય લોકો સાથે સંપર્કમાં આવવાનું ટાળો. |
| STAY KIND | માયાળુ બનો |
| Please stay at home for 5 days if you have Covid-19 | જો તમને કોવિડ-19 હોય તો કૃપા કરીને 5 દિવસ સુધી ઘરમાં જ રહો |

| English | Gujarati |
|---|---|
| **3. Living with Covid – Keep windows open if you meet others inside** | **3. કોવિડ સાથે જીવવું - જો બંધ જગ્યાની અંદર તમારે કોઈને મળવાનું થાય તો બારીઓ ખુલ્લી રાખો** |
| Let in fresh air when you meet other people indoors 🏠, especially if they're at a high risk from Covid-19. | જ્યારે તમે ઘરની અંદર 🏠 અન્ય લોકોને મળો ત્યારે તાજી હવાની અવરજવર થવા દેવી, ખાસ કરીને જો તેઓ કોવિડ-19ના જોખમથી સંક્રમિત હોય. |
| STAY KIND | માયાળુ બનો |
| Keep windows open if you meet others inside | જો બંધ જગ્યાની અંદર તમારે કોઈને મળવાનું થાય તો બારીઓ ખુલ્લી રાખો |

| English | Gujarati |
|---|---|
| **4. Living with Covid - It's never too late to book your Covid-19 vaccination** | **4. કોવિડ સાથે જીવવું - ક્યારેય પણ તમારું કોવિડ-19 રસીકરણ બુક કારાવવું મોડું ગણાતું નથી** |
| It's never too late to come forward for your Covid-19 vaccination. | ક્યારેય પણ તમારા કોવિડ-19 રસીકરણ કરવા માટે આગળ વધવાનું મોડું ગણાતું નથી |
| Book an appointment online or go to a walk-in clinics for your first, second or booster dose 💉💉💉<br><br>More info 👇manchester.gov.uk/getmyjab | ઑનલાઈન એપોઈન્ટમેન્ટ બુક કરો અથવા તમારા પ્રથમ, બીજા અથવા બૂસ્ટર ડોઝ માટે વોક-ઈન ક્લિનિક્સ પર જાઓ 💉💉💉<br><br>વધુ માહિતી manchester.gov.uk/getmyjab |
| STAY KIND | માયાળુ બનો |
| Please take up the vaccination offer – it's never too late | કૃપા કરીને રસીકરણની ઑફર સ્વીકારો, ક્યારેય પણ રસીકરણ કારાવવું મોડું ગણાતું નથી. |

| English | Gujarati |
|---|---|
| **5. Living with Covid – Manchester Covid helpline** | **5. કોવિડ સાથે જીવવું - માન્ચેસ્ટર કોવિડ હેલ્પલાઇન** |
| 👩‍💻👩‍💻Do you have Covid-19 worries or concerns? Need help with booking your Covid vaccinations or booster jabs? | 👩‍💻👩‍💻શું તમે કોવિડ-19ને લઈને દુ:ખી કે ચિંતિત છો? તમારા કોવિડ રસીકરણ અથવા બૂસ્ટર ડોઝ બુક કરવા માટે મદદની જરૂર છે? |
| Then call the Manchester COVID-19 Helpline for support. Translation services available.<br><br>Call free: 0800 840 3858 or text: 07890 036 892 | તો પછી સહાય માટે માન્ચેસ્ટર કોવિડ-19 હેલ્પલાઈન પર કૉલ કરો. અનુવાદ સેવા ઉપલબ્ધ છે.<br><br>મફત કૉલ કરો: 0800 840 3858 ટેક્સ્ટ મેસેજ: 07890 036 892. |
| STAY KIND | માયાળુ બનો |
| Covid Concerns?<br>Ring Manchester's COVID-19 helpline on 0800 840 3858 or text 07890 036892 | કોવિડને લઇને ચિંતિત છો?<br>માન્ચેસ્ટરની કોવિડ-19 હેલ્પલાઇનને 0800 840 3858 પર ફોન કરો અથવા 07890 036892 પર ટેક્સ્ટ મેસેજ કરો. |

| English | Gujarati |
|---|---|
| **6. Living with Covid – Follow the Manchester Message on Covid-19 and Health.** | **6. કોવિડ સાથે જીવવું - કોવિડ -19 અને આરોગ્ય પર માન્ચેસ્ટર સંદેશને અનુસરો.** |
| Please help to keep our city safe from Covid-19 and be kind to each other by: | કૃપા કરીને આપણા શહેરને કોવિડ-19થી સુરક્ષિત |

| | |
|---|---|
| • Wearing a face mask in enclosed spaces<br>• Washing your hands regularly Getting your Covid vaccinations 💉💉💉<br>• Staying home 🏠 for 5 days if you have Covid-19 | રાખવામાં મદદ કરો અને આમ કરીને એકબીજા પ્રત્યે માયાળુ બનો:<br>• બંધ જગ્યાઓમાં ફેસ માસ્ક પહેરવું<br>• નિયમિત તમારા હાથ ધોવાનું ચાલુ રાખો. તમારું કોવિડ રસીકરણ કરાવી લેવું 💉💉💉<br>• 5 દિવસ સુધી ઘરમાં 🏠 રહો, જો તમને કોવિડ-19 હોય તો |
| STAY KIND | માયાળુ બનો |
| Please follow the Manchester Message on Covid-19 and Health | કૃપા કરીને કોવિડ-19 અને આરોગ્ય અંગેના માન્ચેસ્ટર સંદેશને અનુસરો. |

| English | Gujarati |
|---|---|
| **7. Living with Covid – Please stay home if you are ill** | **7. કોવિડ સાથે જીવવું - જો તમે બીમાર હોવ તો કૃપા કરીને ઘરમાં જ રહો** |
| Please stay at home 🏠 if you are feeling unwell, this reduces the risk of spreading illnesses to friends, colleagues, and others in our communities. | કૃપા કરીને ઘરે 🏠 જ રહો જો તમે અસ્વસ્થતા અનુભવતા હોવ તો, આનાથી મિત્રોમાં, સહકર્મીઓ અને આપણા સમુદાયોમાંના અન્ય લોકોમાં બીમારી ફેલાવાના જોખમમાં ઘટાડો થાય છે. |
| It also helps our health services. | આમ કરવાથી અમારી આરોગ્ય સેવાઓને પણ મદદ મળે છે. |
| STAY KIND | માયાળુ બનો |
| Please stay at home if you are ill | જો તમે બીમાર હોવ તો કૃપા કરીને ઘરમાં જ રહો |

| English | Gujarati |
|---|---|
| **8. Living with Covid – Keep washing your hands regularly** | **8. કોવિડ સાથે જીવવું - નિયમિતપણે તમારા હાથ ધોવાનું રાખો.** |
| Please keep washing your hands regularly for 20 seconds or more to limit the spread of COVID-19 or use hand sanitizer if you are out and about. | કૃપા કરીને કોવિડ-19 ને ફેલાતો અટકાવવા માટે તમારા હાથ નિયમિતપણે 20 સેકન્ડ કે તેથી વધુ સમય સુધી ધોવાનું રાખો અથવા જો તમે બહાર હોવ તો હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો. |
| STAY KIND | માયાળુ બનો |

| | |
|---|---|
| Keep washing your hands regularly - it really helps | નિયમિતપણે તમારા હાથ ધોવાનું રાખો, તે ખરેખર તમને મદદરૂપ થશે |

| English | Gujarati |
|---|---|
| **9. Living with Covid- where to get Covid tests after 1 April 2022** | **9. કોવિડ સાથે જીવવું - 1 એપ્રિલ 2022 પછી કોવિડ ટેસ્ટ ક્યાં કરાવવા** |
| Free Covid testing ended for most people in England on 1 April 2022.<br><br>If you need a test you can buy them from chemists and supermarkets. | 1 એપ્રિલ 2022 ના રોજથી ઇંગ્લેન્ડમાં મોટાભાગના લોકો માટે મફત કોવિડ પરીક્ષણ સમાપ્ત થઇ ગયું છે.<br><br>જો તમને ટેસ્ટની જરૂર જણાય તો તમે કેમિસ્ટ અને સુપરમાર્કેટમાંથી ટેસ્ટ કીટ ખરીદી શકો છો. |
| STAY KIND | માયાળુ બનો |
| If you need a Covid test, and aren't able to have a free one, they can be bought at chemists and other shops. | જો તમને કોવિડ ટેસ્ટની જરૂર જણાય અને તમે મફતમાં કરાવી શકો નહીં, તો તમે કેમિસ્ટ અને અન્ય દુકાનમાંથી ટેસ્ટ કીટ ખરીદી શકો છો. |